# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/015 Dt. 21/06/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# નવી દિલ્હીમાં ટેક્ષ્ટાઇલ મંત્રાલયની મિટીંગમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે વિવિધ સૂચનો રજૂ કર્યા

## ટેક્ષ્ટાઇલ મશીનરી ક્ષેત્રે ભારતને આત્મનિર્ભર બનાવવા માટે કયા પ્રકારની પોલિસીની જરૂરિયાત છે તેના સંદર્ભે મિટીંગમાં ચર્ચા વિચારણા કરવામાં આવી

**સુરત.** ભારત સરકારના ટેક્ષ્ટાઇલ મંત્રાલય દ્વારા તા. ૧૯ જૂન ૨૦૨૫ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ટેક્ષ્ટાઇલ કમિશનર સુશ્રી એમ. બીનાની અધ્યક્ષતામાં ટેક્ષ્ટાઇલ મશીનરી અંગે પોલિસી બાબતે મિટીંગ યોજાઇ હતી, જેમાં ટેક્ષ્ટાઇલ મશીનરી પરના OTR (QCO)ને એક વર્ષ લંબાવ્યો છે ત્યાં સુધીમાં ભારત ટેક્ષ્ટાઇલ મશીનરી ક્ષેત્રે કેવી રીતે આત્મનિર્ભર બને અને એના માટે કયા પ્રકારની પોલિસીની જરૂર છે એની ચર્ચા વિચારણા કરાઇ હતી.

આ મિટીંગમાં ભારતભરના ટેક્ષ્ટાઇલ મશીનરી ઉત્પાદકો તથા યુઝર ઇન્ડસ્ટ્રી, કોન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી (CITI) અને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI)ના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા હતા. SGCCIના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા અને પૂર્વ પ્રમુખ શ્રી આશીષ ગુજરાતીએ ચેમ્બરના પ્રતિનિધિ તરીકે રજૂઆત અને સૂચનો કર્યા હતા.

SGCCIના પ્રતિનિધિ મંડળે ટેક્ષ્ટાઇલ કમિશનરને રજૂઆત કરી હતી કે, વિશ્વભરમાં ટેક્ષ્ટાઇલ મશીનરી ક્ષેત્રે યુરોપ, ચીન અને જાપાન સર્વશ્રેષ્ઠ છે. ભારતમાં ટેક્ષ્ટાઇલ મશીનરી ઇન્ડસ્ટ્રીને ડેવલપ કરવા માટે યુરોપના બે, ચાઇનાના બે અને જાપાનના એક ઉત્પાદકની ફેકટરીનો અભ્યાસ કરવો જોઇએ. આ ઉત્પાદકો ટેક્ષ્ટાઇલ મશીનની ડિઝાઇન બનાવવાના પેરામીટર્સ કેવી રીતે નકકી કરે છે?, મશીન મેન્યુફેકચરીંગ માટેની તેઓની એસઓપી શું હોય છે?, મશીનના કોમ્પોનન્ટ બનાવવા કેવી ફેસિલિટી રાખે છે? અને કયાં રાખે છે?, મશીન સબ એસેમ્બલમાંથી એના કોમ્પોનન્ટમાં તેઓની પાસે આઇપી પ્રોટેકશન છે કે નહીં? મશીન પરફોર્મન્સ પેરામીટર ચેક કરવાની લેબોરેટરી ઇનહાઉસ છે કે નહીં? વિગેરે બાબતોનો અભ્યાસ કરી શકાય છે. આ અભ્યાસ માટે ટાસ્ક ફોર્સ બનાવવામાં આવે અને તેમાં યુઝર ઇન્ડસ્ટ્રીનો સમાવેશ કરવામાં આવે તેવુ સૂચન ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

ટેક્ષ્ટાઇલ મશીનરી પોલિસી અંગે સંશોધન સંદર્ભે ભારતમાં ટેક્ષ્ટાઇલ મશીનની આયાત ઘટે એના માટે નીચે મુજબના સૂચનો પણ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આ મિટીંગમાં રજૂ કરવામાં આવ્યા હતા.

- વિશ્વના ટોપ લેવલના મશીન મેન્યુફેકચર OEMs (Original Equipment Manufacturers)ને ભારતભરમાં મશીન ઉત્પાદન શરૂ કરવા ૧૦૦ ટકા ફોરેન ડાયરેકટ ઇન્વેસ્ટમેન્ટ FDIની મંજૂરી આપવામાં આવે. એના માટે તેઓને કેન્દ્ર સરકાર દ્વારા આમંત્રણ આપવામાં આવે.
- ટેક્ષ્ટાઇલ મશીનરી મેન્યુફેકચરીંગ માટે પીએલઆઇ સ્કીમ લાવવી જોઇએ.
- એલ એન્ડ ટી, કિર્લોસ્કર, ભારત ફોર્જ અને થર્મેકસ જેવી મોટી કંપનીઓની રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટની ફેસિલિટીનો ઉપયોગ કરી ભારતમાં વિશ્વ કક્ષાની ટેક્ષ્ટાઇલ મશીનરી ડિઝાઇન કરવામાં આવે અને સુરતના ટેક્ષ્ટાઇલ ઉત્પાદકો સાથે જોઇન્ટ વેન્ચરમાં ટેક્ષ્ટાઇલ મશીનરીનું ઉત્પાદન કરવામાં આવે.
- કેન્દ્ર સરકાર સ્પેશિયલ ટાસ્ક ફોર્સ બનાવે અને એમાં સભ્ય તરીકે ઇન્ડિયન મશીન ટુલ મેન્યુફેકચર એસોસીએશન, સેમી કન્ડકટર મશીન મેન્યુફેકચર, ઇન્ફોર્મેશન ટેકનોલોજી બેસ્ટ સોલ્યુશન પ્રોવાઇડર, TMMAI, ITAMMA તથા યુઝર એસોસીએશનનો સમાવેશ કરવામાં આવે.
- ટેક્ષ્ટાઇલ મશીનરી પર ૧૨ ટકાથી વધુ જીએસટી નહીં હોવો જોઇએ.
- ઇમ્પેકટ એસેસમેન્ટ માટે ચેમ્બર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે જે કઇપણ ફંડ ટેક્ષ્ટાઇલ મશીનરીના ડેવલપમેન્ટ માટે વાપરવામાં આવે એના થકી જે ટેક્ષ્ટાઇલ મશીનરી ભારતમાં ડેવલપ થાય અને એના કારણે ટેક્ષ્ટાઇલ મશીનરીની આયાતમાં જે ઘટાડો નોંધાય એ અસરની ફંડની સામે ગણતરી કરવામાં આવે.